પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૮૧ | ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૧, શનિવાર; ભાદરવા સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ભારત-ઈંગ્લેન્ડ વચ્ચેની અંતિમ ટેસ્ટ રદ

## કોરોનાનો ભરડો છતાં મેચ રમાવાની આશા હતી : મેચમાં વિજેતા જાહેર કરવા ઈંગ્લેન્ડની ચાલ નિષ્ફળ

મુંબઈ, તા.૧૦

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે માન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફોર્ડમાં રમાનારી પાંચમી ટેસ્ટ મેચને હાલ રદ્દ કરવામાં આવી છે. મેચ પહેલા જ કોચ રવિ શાસ્ત્રીને કોરોના થયો હતો. જોકે, ટીમના તમામ ખેલાડીનો ટેસ્ટ નેગેટિવ આવતા મેચ રમાય તેવી શક્યતા હતી. પરંતુ ઈંગ્લેન્ડ આ મેચને રદ્દ કરવાનો મત ધરાવતું હતું. જોકે, આ અંગે બીસીસીઆઈની સત્તાવાર જાહેરાત બાકી છે. એટલું જ નહીં, ટેસ્ટ સીરિઝના પરિણામ પરથી પણ હાલ પડદો નથી ઉંચકાયો. આ મેચનું આયોજન આવતા વર્ષે પણ થાય તો પણ નવાઈ નહીં. બીસીસીઆઈએ ખેલાડીઓ સાથે મેચ રદ કરવી કે કેમ તે મામલે મસલત કરી હતી. જેમાં ટેસ્ટને રદ્દ કરવાને બદલે મોડી રમવામાં આવે તેવું સૂચન થયું હતું. જેથી બીસીસીઆઈ ટેસ્ટ મોડી શરુ કરવા પર સહમત થયું હતું. જોકે, આ મેચને આખરે રદ્દ કરવાનો નિર્ણય કરાયો હતો. ઉલ્લેખનીય છે કે, જો આ ટેસ્ટ મેચ ૨૪ કલાક મોડી ઠેલાય તો પણ તેની સીધી અસર યુએઈમાં શરુ થનારી આઈપીએલ પર પડી શકે છે. ફ્રેન્ચાઈઝી છેલ્લા ત્રણ સપ્તાહથી યુએઈમાં છે. પાંચમી ટેસ્ટ રમીને ખેલાડીઓ જેવા દુબઈ પહોંચે કે તરત જ તેઓ બાયો બબલમાં રહી શકે તેની તમામ તૈયારી પણ કરી દેવાઈ છે. એટલું જ નહીં, આઈપીએલના બ્રોડકાસ્ટ પ્લાન, ફાઈનાન્સ અને કોમર્શિયલ સ્ટ્રેટેજી પણ તૈયાર છે. તેની સાથે સંકળયેલા લોકોનું માનીએ તો હવે તેના શિડ્યૂલમાં કોઈ ફેરફાર કરવો શક્ય નથી. આઈપીએલને પણ મોડી યોજી શકાય તેમ નથી, કારણકે તેના તુરંત બાદ આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ શરુ થઈ રહ્યો છે.

આ બધા વચ્ચે જો પાંચમી ટેસ્ટને એક દિવસ માટે પણ પાછી ઠેલવામાં આવી તો તેની અસર ઘણી મોટી થાય તેવી શક્યતા હતી. બીજી તરફ, ટીમના ખેલાડીઓ પોતાની આસપાસ ૪૮ કલાકમાં કેટલાક કોરોનાના કેસ આવ્યા હોવાનું જાણતા હોવાથી તેઓ કોઈ જોખમ લેવા તૈયાર નહોતા. તેવામાં ખેલાડીઓ અને તેમના


● અનુસંધાન પાન-૭ પર

# ચીન તિબેટ-શિનજિયાંગમાં ૩૦ એરપોર્ટ બનાવી રહ્યું છે

### લદાખ સરહદે ચીને સુવિધા ઊભી કરવા ઝડપ વધારી : ચીનનો ઈરાદો છે કે તનાવના સમયમાં સરહદ સુધી સૈનિકો અને બીજા સરંજામની હેરફેર ઝડપથી કરી શકાય

નવી દિલ્હી, તા.૧૦

ચીન ભારતની સીમાને અડીને પોતાની



ઈન્ફ્રાસ્ટ્રક્ચર છેલ્લા ઘણા વર્ષોથી વિકસાવી રહ્યુ છે પણ ભારત અને ચીન વચ્ચે લદ્દાખ સીમા પર ગયા વર્ષે સર્જાયેલા તનાવ બાદ ચીને સુવિધાઓ ઉભી કરવાની ઝડપ વધારી દીધી છે.

ભારત સાથે ચાલી રહેલા મંત્રણા વચ્ચે ચીને પોતાની સરહદ નજીકના ઘણા વિસ્તારોને રેલવે લાઈન વડે જોડી દીધા છે તો બીજી તરફ એવી વિગતો સપાટી પર આવી છે કે, ભારત સાથે જોડાયેલા તિબેટ અને શિનજિયાંગ પ્રાંતમાં ચીન ૩૦ એરપોર્ટ બનાવી રહ્યુ છે.કેટલાક એરપોર્ટ બની ગયા છે અને કેટલાકનુ કામ ચાલી રહ્યુ છે. આ તમામ એરપોર્ટ ભારતની સરહદથી અત્યંત નજીક છે.ન્યૂઝ એજન્સીના અહેવાલ પ્રમાણે ચીને તાજેતરમાં જ એક બુલેટ ટ્રેન શરુ કરી છે અને તે તિબેટને અરુણાચલ સીમા પાસે આવેલા ન્યિંગ ચી નામના શહેર સાથે જોડે છે. રેલવે અને રોડ રસ્તા જેવી સુવિધાઓ ડેવલપ કરવા પાછળ ચીનનો ઈરાદો બહુ સાફ છે કે, લશ્કરી તનાવના સમયમાં સરહદ સુધી સૈનિકો અને બીજા સરંજામની હેરફેર ઝડપથી કરી શકાય.ચીને તિબેટ અને શિનજિયાંગ પ્રાંત માટે ૨૩ એર રુટ ખોલી દીધા છે.જેથી સેનાની અવર જવર જરુર પડે તો ઝડપી બનાવી શકાય.

# યુનોમાં અફઘાન અંગે ભારતની ચિંતા

### અફઘાનિસ્તાનમાં સ્થિતિ હજુ નાજુક હોવાનો દાવો : અફઘાન લોકોના ભવિષ્યની સાથે સાથે છેલ્લા બે દાયકામાં મેળવેલા લાભોને જાળવી રાખવા અને નિર્માણ કરવા અંગે અનિશ્ચિતતાઓ ખુબ વધુ : તિરુમૂર્તિ

નવી દિલ્હી,તા.૧૦

અફઘાનિસ્તાન પર તાલિબાનના કબજા બાદ પેદા થયેલા હાલાત અંગે ભારતે ફરીથી એકવાર ચિંતા વ્યક્ત કરી છે અને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની બેઠકમાં આ મુદ્દાને ઉઠાવ્યો છે. દ્રજીઝમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ ટીએસ તિરુમૂર્તિએ કહ્યું કે અફઘાનિસ્તાનમાં હાલાત હજુ પણ નાજુક બનેલા છે. ટીએસ તિરુમૂર્તિએ કહ્યું કે અફઘાનિસ્તાનના પાડોશી અને લોકોના મિત્ર હોવાના કારણે હાલની સ્થિતિ અમારા માટે સીધી ચિંતાનો વિષય છે. તેમણે કહ્યું કે ભારત અફઘાનિસ્તાનમાં એક એવી વ્યવસ્થાનું આહ્વાન કરે છે જેમાં તમામ વર્ગોનું પ્રતિનિધિત્વ હોય. એક એવી સરકાર હોય જેને આંતરરાષ્ટ્રીય સ્વિકૃતિ અને માન્યતા મળે.




કાબુલ હુમલાનો ઉલ્લેખ કરતા ટીએસ તિરુમૂર્તિએ કહ્યું કે ગત મહિને એક નિંદનીય હુમલો જોવા મળ્યો. આતંકવાદ અફઘાનિસ્તાન માટે એક ગંભીર જોખમ બનેલો છે. આ એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કારણ કે આ મામલે કરાયેલી પ્રતિબદ્ધતાઓનું સન્માન થવું જોઈએ અને તેનું પાલન થવું જોઈએ. તેમણે કહ્યું કે અમે તે નિવેદન ઉપર પણ ધ્યાન આપ્યું કે અફઘાન લોકો કોઈ પણ વિઘ્ન વગર વિદેશ મુસાફરી કરી શકશે. અમને આશા છે કે આ પ્રતિબદ્ધતાઓનું પાલન કરાશે. જેમાં અફઘાનો અને તમામ વિદેશી નાગરિકોને અફઘાનિસ્તાનથી સેફ પેસેજ આપવાની વાત સામેલ છે.

ટીએસ તિરુમૂર્તિએ કહ્યું કે અફઘાન લોકોના ભવિષ્યની સાથે સાથે છેલ્લા બે દાયકામાં મેળવેલા લાભોને જાળવી રાખવા અને નિર્માણ કરવા અંગે અનિશ્ચિતતાઓ ખુબ વધુ છે. અમે અફઘાન મહિલાઓનો અવાજ સાંભળવાની જરૂરિયાતને ફરી દોહરાવીએ છીએ. અફઘાન બાળકોની આકાંક્ષાઓને સાકાર કરવા, અલ્પસંખ્યકોના અધિકારોની રક્ષા કરવા અને માનવીય સહાયતા તત્કાળ પ્રદાન કરવાનું અમે આહ્વાન કરીએ છીએ અને આ મામલે સંયુક્ત રાષ્ટ્ર અને અન્ય એજન્સીઓને નિર્વિઘ્ન પહોંચ પ્રદાન કરવાની જરૂરિયાતને રેખાંકિત કરીએ છીએ.

# મમતા બેનર્જીને ટક્કર આપશે ભાજપ નેતા પ્રિયંકા ટિબરીવાલ

### પ્રિયંકા વ્યવસાયે વકીલ છે, તેમણે વિધાનસભા ચૂંટણી બાદ થયેલી હિંસા વિરુદ્ધ અરજી દાખલ કરી હતી

કોલકાતા, તા.૧૦

ભવાનીપુર બેઠકના હાઈ પ્રોફાઈલ ચૂંટણી જંગ માટે ભારતીય જનતા પાર્ટીએ પ્રિયંકા ટિબરીવાલને મમતા બેનર્જી સામે મેદાનમાં ઉતાર્યા છે. પ્રિયંકા ટિબરીવાલ વ્યવસાયે વકીલ છે. તેમણે વિધાનસભા ચૂંટણી બાદ થયેલી હિંસા વિરુદ્ધ અરજી દાખલ કરી હતી.

અત્રે જણાવવાનું કે ભવાનીપુર બેઠક માટે ૩૦ સપ્ટેમ્બરે મતદાન થશે. આ દિવસે પંશ્ચિમ બંગાળના સમશેરગંજ અને જંગીપુર

● અનુસંધાન પાન-૭ પર

# યુએસના પ્લેન પર તાલિબાની ફાઈટર્સ હીંચકા ખાય છે

### વીડિયો અનેક સોશિયલ મીડિયા પર શેર થયો



કાબુલ,તા.૧૦

અમેરિકાની સેનાની વાપસી બાદ તાલિબાને બંદૂકના જોરે અફઘાનિસ્તાન પર કબજો કરી દીધો છે. હવે સરકાર પણ રચવામાં આવી છે. અમેરિકાની સેના પરત ફરતી વખતે અનેક હથિયાર અને સૈન્ય વિમાનોને ડિસેબલ કરીને છોડી ગઈ છે. જેનો ઉપયોગ હવે તાલિબાની પોતાના મનોરંજન માટે કરી રહ્યા છે. આવો જ એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં તાલિબાની ફાઈટર્સ અમેરિકન ફાઈટર જેટની વિંગ પર દોરડું બાંધીને હીંચકા ખાઈ રહ્યા છે. આ વીડિયોને પાકિસ્તાનના પત્રકાર જે બાધવાને શૅર કર્યો છે. ડિસેબલ હોવાના કારણે આ વિમાન ઉડી શકે

● અનુસંધાન પાન-૭ પર

# અફઘાનમાં ગરીબી-ભૂખમરો વ્યાપક બનશે : યુનોની ચેતવણી

### અફઘાનમાં તાલિબાનની સત્તા બાદ ભારે આર્થિક કટોકટી : અફઘાનિસ્તાનને બહુ જલ્દી નાણાકીય સહાયતા ના મળી તો લાખો લોકો ભૂખમરા તરફ ધકેલાઈ જશે : યુનો

વોશિંગ્ટન, તા.૧૦

અફઘાનિસ્તાનમાં તાલિબાનોએ સરકાર ભલે બનાવી લીધી હોય પણ યુનાઈટેડ નેશન્સે ચેતવણી આપતા કહ્યુ છે કે, અફઘાનિસ્તાન બહુ મોટા સંકટ તરફ ધકેલાઈ રહ્યુ છે.

યુએન દ્વારા ચેતવણી આપવામાં આવી છે કે, દેશમાં બહુ જલ્દી ગરીબી અને ભૂખમરો વ્યાપક બની શકે છે અને તેના કારણે સામાજીક વ્યવસ્થા પડી ભાંગશે.જો અફઘાનિસ્તાનને બહુ જલ્દી નાણાકીય સહાય ના મળી તો લાખો લોકો ભૂખમરા તરફ ધકેલાઈ જશે.

યુએનના વિશેષ દૂત ડેબરાહ લિયોન્સનુ કહેવુ છે કે, દુનિયાના દેશો ભેગા થઈને અફઘાનિસ્તાનને બરબાદી તરફ ધકેલાતા બચાવી લે. અફઘાનિસ્તાનમાં માનવાધિકારનુ પણ સંકટ સર્જાયેલુ છે અને તેનો ઉકેલ નહીં લવાય તો આવનારા દિવસો વધારે ખતરનાક હશે.

તેમના મતે તાલિબાનનુ શાસન આવ્યા બાદ અમેરિકા

● અનુસંધાન પાન-૭ પર

# અફઘાનના વીડિયો બતાવીને પાક દ્વારા કાશ્મીરમાં ઉશ્કેરણી

### ભારતીય સુરક્ષા એજન્સીનો ખુલાસો : પંચાયતની ચૂંટણીમાં ચૂંટાયેલાઓને રાજીનામું આપવા નહિતર ગંભીર પરિણામ ભોગવવાની ધમકી અપાય છે

નવી દિલ્હી, તા.૧૦

કાશ્મીરમાં આતંકવાદને ઉત્તોજન આપવા માટે હવે પાકિસ્તાને કાશ્મીરના લોકોને અફઘાનિસ્તાનના વિડિયો બતાવીને ભડકાવવાનુ શરુ કર્યુ હોવાનો ખુલાસો સુરક્ષા એજન્સીઓ કર્યો છે.

એજન્સીઓના રિપોર્ટમાં એમ પણ કહેવાયુ છે કે, તાજેતરમાં થયેલી પંચાયતની ચૂંટણીમાં જે નાગરિકો ચૂંટાયા છે તેમને પણ પાકિસ્તાન રાજીનામુ આપવાની

● અનુસંધાન પાન-૭ પર

Amul 75 YEARS OF MILK & PROGRESS

ખુલ્લું પનીર નહીં,
શુદ્ધ અમૂલ મલાઈ પનીર અપનાવો.

• શુદ્ધ અમૂલ દૂધથી બનેલું
• મુલાયમ અને સ્વાદિષ્ટ
• આધુનિક ટેક્નિકથી બનેલું




*MRP (Incl. of all taxes).

વાછાણી ઓર્થોપેડિક અને કિડની હોસ્પિટલ

ડૉ. વિવેક વાછાણી દ્વારા આયોજીત

NABH Certified

ઉત્તર ગુજરાતની એક માત્ર હોસ્પિટલ કે જ્યાં સાંધા બદલાવાનું ઓપરેશન સ્નાયુ કાપ્યા વગર કોમ્પ્યુટર નેવીગેશનની મદદથી કરવામાં આવે છે.

કેમ્પના સ્પેશીયલ ડિસ્કાઉન્ટનો લાભ મેળવવા માટે ૧૫ ઓક્ટોબર પહેલા ઓપરેશન કરાવો

કન્સલ્ટીંગ ફી અને ડિઝીટલ એકસ-રે ૫૦% રાહત દરે

જોઈન્ટ રિપ્લેસમેન્ટ મેગા કેમ્પ

આ કેમ્પ ફક્ત જોઈન્ટ રિપ્લેસમેન્ટ માટે જ છે.

કેમ્પનો સમય
સોમવાર થી શનિવાર
સવારે ૧૧:૦૦ થી ૧:૦૦ અને સાંજે ૫:૦૦ થી ૭:૦૦

કેમ્પનું સ્થળ
વાછાણી હોસ્પિટલ, ૩જો માળ, બી-બ્લોક, રાધે સિગ્નેચર, સહજાનંદ સીટી સામે, કુડાસણ, ગાંધીનગર-૩૮૨૪૨૧

અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવા માટે મો. ૯૫૧૨૩ ૫૫૫૬૩, ૯૯૨૫૬ ૨૮૧૦૮

TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV, LCD
TV રીપેરીંગ માટે
ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

GOOD HEALTH
DIAGNOSTIC & OPD CENTER

ગુડ હેલ્થ લાવ્યું છે

આપણા માટે ફીવર પેકેજીસ

શું તમને તાવ આવે છે?સંપર્ક કરો
8238059944

| Package-1 | Package-2 | Package-3 |
|---|---|---|
| CBC | CBC | CBC |
| MP by Card | MP by Card | MP by Card |
| Ns1 Ag by Card | Ns1 Ag by Card | Ns1Ag by Elisa |
| | ChikunGunya | SGPT |
| | IGM Rapid | CRP |
| | | Typhidot IgM |
| 1200/- | 1500/- | 2000/- |

એમ.ડી.ફિઝિશિયન કન્સલટેશન સાથેનો ચાર્જ

એમ.ડી.ફિઝિશિયનને બતાવવા એપોઈન્મેન્ટ લેવી ફરજીયાત

Diet & lifestyle management by Mrs Rajashree Kajale

દુકાન નંબર ૧૦૪, પેહલો માળ, પ્રમુખ ટેન્જન્ટ, સરગાસણ, ગાંધીનગર